આવતીકાલનો ઉજાસ

માર્ગી એસ પટેલ
ધોરણ-૮, આર જી પટેલ કન્યા વિદ્યાલય

અભ્યાસમાં હંમેશા ઉચ્ચ ટકાવારી લાવતી માર્ગી ઈતર પ્રવૃત્તિઓમાં પણ ઉચ્ચ દેખાવ કરે છે. તેણે પૂ. દાસકાકા રમતોત્સવ તથા પૂ. છગનભા યુવક મહોત્સવની અનેક સ્પર્ધાઓ જેવી કે દોડ, લીંબુ ચમચી, પાદપૂર્તિ અને સ્ટેટ લેવલની હેન્ડબોલ સ્પર્ધામાં સુંદર પ્રદર્શન કરી શાળા પરિવાર તરફથી અભિનંદન મેળવ્યાં છે.

વર્ષા એ તેજવાણી
ધોરણ-૮, આર જી પટેલ કન્યા વિદ્યાલય

ભણતર અને ગણતર બંનેને અગ્રીમતા આપનારી વર્ષાએ ચાલુ વર્ષે લેવાયેલ ગાંધી વિચાર પ્રવેશ પરીક્ષામાં રાજ્યમાં ત્રીજું સ્થાન મેળવ્યું છે. ઉપરાંત નવસર્જન રંગપૂરણી અને ડિસ્કવર ઈન્ડિયા ક્વિઝમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી પ્રમાણપત્ર મેળવેલ છે.

ગાંધીનગર જૈન સમાજનું ગૌરવ વધારતાં હેમાલીબેન શાહ

ગાંધીનગર, તા. ૧૮

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન પાઠશાળા, ગાંધીનગરનાં વિદ્યાર્થીની શ્રીમતી હેમાલીબેન કેતુલભાઈ શાહે શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ, પૂના દ્વારા વર્ષ ૨૦૧૧માં લેવાયેલી પ્રવેશ પરીક્ષામાં ભારતભરનાં ૧૦૫ કેન્દ્રો પૈકી પ્રથમ ક્રમ મેળવીને ગોલ્ડન ટ્રોફી પ્રાપ્ત કરી છે. હેમાલીબેન તથા પાઠશાળાના શિક્ષકવર્ગને અનેક અભિનંદનો પ્રાપ્ત થયા છે.

વૅકેશનનનો માહોલ જામી રહ્યો છે રમતગમતની મૉસમ ખીલી રહી છે

સૅક્રેટરીએટ જીમખાના ખાતે ક્રિકેટ માટે ૪૫ અને લોન ટેનીસની તાલીમ માટે ૨૫ તાલીમાર્થીઓ

(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરમાં ઉનાળુ વૅકેશનની મૉસમ જામી રહી છે. વિવિધ કલા શિબિરોની માફક વિવિધ રમતોની તાલીમ આપતા શિબિરો પણ જામવા માંડ્યા છે. સેક્ટર-૨૧માં કાર્યરત સૅક્રેટરીએટ જીમખાના ખાતે ક્રિકેટની તાલીમ માટે ૪૫ અને લોન ટેનીસની તાલીમ માટે ૨૫ તાલીમાર્થીઓ આવ્યા છે. આગામી દિવસોમાં આ સંખ્યા વધશે એવું અનુભવી સંચાલકોનું કહેવું છે. તા. ૧૪ એપ્રિલથી જીમખાના ખાતે તાલીમ શિબિરનો આરંભ કરવામાં આવ્યો છે, જે અંતર્ગત ક્રિકેટ, લોન ટેનીસ, વૉલીબૉલ, બેડમિન્ટન, ટેબલ ટેનીસ જેવી રમતોની તાલીમનો સમાવેશ કરવામાં આવ્યો છે. શિબિર માટે જીમખાનાના મેમ્બર્સનાં બાળકોની ૩૦૦ રૂા. અને અન્ય બાળકોની ૪ વર્ષથી માંડીને ૧૮ વર્ષ સુધીના બાળ-યુવા નાગરિક આ કૅમ્પમાં ભાગ લઈ શકે છે, જેમને શિબિર પૂર્ણ થયે પ્રમાણપત્ર પણ આપવામાં આવે છે.

ઉલ્લેખનીય છે કે જીમખાનાના ખાતે ૧૯૮૭થી આવા ઉનાળુ રમતગમત શિબિરોનો આરંભ કરવામાં આવ્યો છે અને દર વર્ષે આ શિબિરો સફળતાપૂર્વક યોજવામાં આવે છે. મોટી સંખ્યામાં તાલીમાર્થીઓ આ શિબિરનો લાભ લઈ ઈચ્છિત રમતનું પદ્ધતિસરનું પ્રશિક્ષણ મેળવે છે.

આ વખતે ક્રિકેટની તાલીમ માટે ૪૫ તાલીમાર્થીઓ આવ્યા છે, જેમને ગાંધીનગરના ખ્યાત અને અનુભવી કોચ વત્સલ ચોરા અને ડી ડી મોઝર તાલીમ આપી રહ્યા છે. લોન ટેનીસની તાલીમ માટે ૪૫ તાલીમાર્થીઓ આવે છે, જેમને હેમાંગ રાવત તાલીમ આપી રહ્યા છે. અન્ય રમતોની તાલીમ માટે હજૂ નોંધપાત્ર સંખ્યામાં તાલીમાર્થીઓ આવ્યા નથી પરંતુ જેમ જેમ વૅકેશન આગળ વધશે તેમ તેમ અન્ય રમતોમાં પણ તાલીમાર્થીઓની સંખ્યા વધશે અને ક્રિકેટ તથા લોન ટેનીસમાં પણ તાલીમાર્થીઓ વધશે એવો અનુભવી સંચાલકોનો મત છે.

TATના ગુણપત્રકો ૨૮મી બાદ ટપાલ દ્વારા મોકલી દેવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાયેલ ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષક અભિયોગ્યતા કસોટી (TAT) પરીક્ષા DEC-2011ની માર્કશીટ (ગુણપત્રક) જિલ્લાના વિતરણ કેન્દ્રો પરથી તા. ૩ એપ્રિલ-૨૦૧૨ના રોજ વિતરણ કરવામાં આવેલ છે.

જે ઉમેદવારોએ જિલ્લા કેન્દ્ર પરથી પોતાની માર્કશીટ મેળવેલ નથી તેવા ઉમેદવારોને તા. ૨૮ એપ્રિલ-૨૦૧૨ બાદ જે તે ઉમેદવારોની અરજીમાં દર્શાવેલાં પત્રવ્યવહારના સરનામે ટપાલથી મોકલી આપવામાં આવશે જેની દરેક ઉમેદવારોએ નોંધ લેવી.

આજે આર્ટ ઓફ લીવીંગ દ્વારા રૉક સત્સંગ યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

આર્ટ ઓફ લીવીંગ, ગાંધીનગર ચેપ્ટર દ્વારા દર અઠવાડિયે ગાંધીનગરના વિવિધ સ્થળોએ ભક્તિસંગીત તથા જ્ઞાનનો સત્સંગ યોજાય છે. જેના અનુસંધાને આજે તા. ૧૯મી એપ્રિલ ૨૦૧૨ને ગુરવારે રાત્રે ૮.૩૦ થી ૧૦ કલાકે બલરામ ભવન, પથિકાશ્રમ સામે, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે રૉક સત્સંગનો કાર્યક્રમ યોજાશે.

જેમાં નગરના સૌ પરિવારજનોને પધારવા ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ગુજ યુનિ.માં વધીવટી જગ્યા માટે લેવાનારા ઈન્ટરવ્યુ રદ

અમદાવાદ, તા.૧૮

ગુજરાત યુનિવર્સિટીમાં કાયમી રજિસ્ટારની નિમણૂકની પ્રક્રિયા અટવાઈ પડતા હવે કેટલીક વહીવટી જગ્યાઓ માટેઆગામીતા. ૨૨, ૨૩ અને ૨૪ એપ્રિલના રોજ ગોઠવવામાં આવેલા ઈન્ટરવ્યુનો કાર્યક્રમ રદ કરવામાં આવ્યો છે. યુજીની જોઈન્ટ સેક્રેટરી પ્રો. રાજેશ આનંદના પત્રના અનુસંધાને યુનિ. એ વહીવટી સ્ટાફની સેક્શન ઓફીસર, સિનીયર-જુનીયર આસી., લાયબ્રેરીયન, સ્ટેનો-ટાઈપ, ખુબ અને હોસ્ટેલ વોર્ડનની જગ્યા માટે તા. ૨૨, ૨૩ અને ૨૪ એપ્રિલના રોજ ઈન્ટરવ્યુ ગોઠવ્યા હતા.

ચૌધરી ટૅકનીકલ ઈન્સ્ટીટ્યૂટમાં સ્પ્રિંગ ફેસ્ટ-૨૦૧૨નું આયોજન

વિદ્યાર્થીનીઓ આર્ટ પ્રિપેરેશન, બૉલીવૂડ બઝ, ક્લાસરૂમ ડેકોરેશન, આર્ટ ઍક્ઝીબિશન જેવી સ્પર્ધાઓમાં ભાગ લેશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરના સેક્ટર-૭ ચૌધરી ટેકનીકલ ઈન્સ્ટીટ્યૂટ (એમ.સી.એ.) દ્વારા તા. ૧૯ અને ૨૦ એપ્રિલ-૨૦૧૨ના રોજ બે દિવસ માટે સ્પ્રિંગ ફેસ્ટ-૨૦૧૨ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

કાર્યક્રમ અંતર્ગત એમ.સી.એ. કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ અલગ-અલગ ઈવેન્ટ જેવી કે, ફાઈનાન્સિઅલ એડવાઈઝ, ગાયનેકોલોજીક એડવાઈઝ, આર્ટ પ્રિપેરેશન, બૉલીવુડ બઝ, ટેલ્ટી એન્ડ હેલ્થી ફુડ કોમ્પિટીશન, ક્લાસરૂમ ડેકોરેશન, મેક અપ ટીપ્સ, આર્ટ ઓફ વિવિંગ, જ્વેલરી મેકીંગ, આર્ટ એક્ઝીબીશન જેવી વિવિધ ઈવેન્ટોમાં ભાગ લેશે.

સમગ્ર કાર્યક્રમની સાથે સાથે વિદ્યાર્થિનીઓ દ્વારા તા. ૧૩ એપ્રિલ-૨૦૧૨ થી ૧૯ એપ્રિલ-૨૦૧૨ દરમિયાન વિવિધ ૫ ઉજવણું આયોજન કર્યું છે. જેઅંતર્ગત ટ્વીન્સ દરમિયાન વિવિધ ૫ ઉજવણું બોર્ડને જાણ કરી પરત મોકલી આપી છે. બીજીબાજુ ગુજરાતી વિષયના શિક્ષકો એ વિજ્ઞાન વિષય ઉત્તર વહી ચકાસી હોવાની ચર્ચા ચર્ચાઈ રહી છે. જો કે શાળાના આચાર્યએ સાફ ઈન્કાર કરતા જણાવ્યું છે કે અમે વિજ્ઞાન વિષયની તમામ ઉત્તરવહીઓ ચકાસ્યા વગર જ બોર્ડને પરત મોકલી આપી છે.

ગુજરાતીના બદલે વિજ્ઞાનની ઉત્તરવહીઓ ચકાસ્યાની ચર્ચા

પાલડી વિસ્તારની અમરદીપ સ્કૂલમાં ગુજરાતી વિષયની ઉત્તરવહીઓ ચકાસવાની કામગીરી હાલ ચાલી રહી છે

અમદાવાદ, તા.૧૮

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર શિક્ષણ બોર્ડ દ્વારા હાલ ધો-૧૦ બોર્ડની પરીક્ષાની ઉત્તરવહી ચકાસવાની કામગીરી દરમિયાન પાલડીની અમરદીપ સ્કૂલમાં ભુલથી વિજ્ઞાનની ૪૦થી ૫૦ ઉત્તરવહીઓ આવી જતા બોર્ડને પરત મોકલી આપી છે.

પાલડીની અમરદીપ સ્કૂલમાં ધો-૧૦ બોર્ડની ગુજરાતી વિષયની ઉત્તરવહીઓ ચકાસવાની કામગીરી આવી રહી છે આ કામગીરી દરમિયાન ગુજરાતી વિષયની ઉત્તરવહીઓના જથ્થામાંથી વિજ્ઞાન વિષયની ૫૦ જેટલી ઉત્તરવહીઓ નીકળતા શિક્ષકોએ શાળાના આચાર્યને જાણ કરી હતી.

શાળાના આચાર્ય જયંતિભાઈ પટેલે વિજ્ઞાન વિષયની ૫૦ જેટલી ઉત્તરવહીઓ બોર્ડને જાણ કરી પરત મોકલી આપી છે.

કેફિયત કલા સાધકની
- આશા સચ્ચેચા

ગરબા અને લગ્નગીતોનો જીવંત વિશ્વકોષ : મીનળબેન

શેરી ગરબા, લગ્નગીતો, જનોઈ ગીતો, લોક નૃત્યો, થોડાખૂંદ, શાસ્ત્રીય નૃત્યો, બાળ નૃત્યો, નૃત્ય નાટિકા, લોક સાહિત્ય, નાટકો, બાળ નાટકો, સંગીત, પપેટ જેવાં અનેક વૈવિધ્યસભર કલાક્ષેત્રો હોય પરંતુ આ બધાં જ કલાક્ષેત્રમાં એક જ કલાકારે પ્રદાન કર્યું હોય એ અનોખી ઘટના અને સિદ્ધિ ગણાય. આ કલાકાર અને હવે કલાતજ્ઞ એવાં અને આપણી વચ્ચે ગાંધીનગરમાં જ વસતાં શ્રીમતી મીનળબેન પ્રવિણભાઈ ઓઝાએ આ બધાં જ કલાક્ષેત્રમાં પ્રદાન કર્યું છે.

ભાવનગરના પ્રતિષ્ઠિત શ્રીમાળી બ્રાહ્મણ કુટુંબમાં જન્મેલા મીનળબેને પિતાજી (શ્રી માર્કંડરાય હ.વિવેદી)ના રેવવે નોકરીના સંદર્ભે શાળા અભ્યાસ વડોદરામાં અને કૉલેજ અભ્યાસ (એમએ સુધી) ભાવનગરમાં કર્યો. શિક્ષિકા અને વ્યાખ્યાતા તરીકે ભાવનગર, પોરબંદર અને અમદાવાદની જાણીતી શૈક્ષણિક સંસ્થાઓમાં કામ કર્યું. ૧૯૬૯માં ડૉ. પ્રવિણભાઈ ઓઝા સાથે લગ્ન થયાં. ૧૯૮૦થી મીનળબેન અને ડૉ. પ્રવિણભાઈ ગાંધીનગરમાં સ્થાયી થયા.

અમદાવાદની જાણીતી શૈક્ષણિક સંસ્થા કોબ્રા કાઉન્ડેશનમાં નોકરી દરમ્યાન સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની શરૂઆત કરી જાણીતા નાટ્યવિદ જશવંત ઠાકર સાથે 'ડોન ક્વીઝોટ' અને અન્ય નાટકો ભજવ્યાં. આ સમય દરમ્યાન જાણીતા સાહિત્યકારો શ્રી ઉમાશંકર જોષી, રાજેન્દ્ર શુક્લ, રઘુવીર ચૌધરી, રમણભાઈ જાની વિગેરે સાથે પરિચય કેળવ્યો અને સાહિત્યિક પ્રવૃત્તિઓમાં પણ ભાગ લેવાનું શરૂ કર્યું.

કલાનગરીઓ ભાવનગર અને વડોદરાનો કલા સાંસ્કૃતિક વારસો પ્રાપ્ત કરેલા મીનળબેને ૧૯૮૦થી ગાંધીનગરમાં આ ક્ષેત્રે મક્કમ પગરણ માંડ્યા. ગાંધીનગરમાં આ સમયે ગરબા પ્રવૃત્તિઓમાં લોકો ઉત્સાહથી જોડાતા હતા, ખાસ કરીને નવરાત્રીમાં. મોટાભાગે સૅક્ટર્સમાં ગરબાનાં આયોજન થતાં. આજે તો ગરબો શેરી, પોળ કે ચોકમાંથી બહાર નીકળીને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પહોંચ્યો છે.

અગાઉના સમયમાં શેરી ગરબા ખૂબ પ્રચલિત હતા. શેરી, પોળ કે ચોકડામાં આ ગરબા કોઈ પણ વાદ્યવૃંદ વગર બૂલંદ અવાજે ગવડાવાતા અને ઝીલાતા હતા. શેરી ગરબો એ લોકશિક્ષણનું માધ્યમ હોવાથી ઓઝા દંપતિને વિચાર આવ્યો કે શેરી ગરબાને ગાંધીનગરના જનજીવનનો એક ભાગ બનાવીએ તો કેમ ? આ કન્સેપ્ટમાં તેઓને જયોતિબેન ખારોડ, મીનાક્ષીબેન દેસાઈ, લતાબેન ચોક્સી (પ્રમુખ, જ્યોતિ મહિલા મંડળ), દયાબેન વ્યાસવિ. બહોળો ઉમળકાભેર સાથ-સહકાર મળ્યો અને ગાંધીનગરની શેરીઓ (ચોકડાં) ગરબાના સૂરોથી ગૂંજવા લાગી. આ પ્રવૃત્તિને વધુ લોકપ્રિય બનાવી શકાય એ માટે શેરી ગરબા સ્પર્ધા પણ શરૂ થઈ. મીનળબેનનાં સાસુ સ્વ. વીરબાળાબેને આધ્યાત્મિકતાના બાજોઠ પર સ્થાપેલ 'વિવિધ ચૅરીટેબલ ટ્રસ્ટ' સાંસ્કૃતિક, શૈક્ષણિક, આરોગ્ય, પર્યાવરણ જેવે વિવિધ પ્રવૃત્તિઓ કરે છે. આ ટ્રસ્ટ દ્વારા દર વર્ષે ગાંધીનગરની શેરી ગરબા સ્પર્ધા માટે પારિતોષિકો એનાયત કરવામાં આવે છે. આમ શેરી ગરબો અને મીનળબેન એકબીજાના પર્યાય બન્યા. ઉપરાંત આધ્યાત્મિક ક્ષેત્રે પણ તેઓએ અવરાત્રીમાં ભવાની અષ્ટક તૈયાર કરીને કાર્યક્રમો રજૂ કર્યાં. મીનળબેનનું બીજું અગત્યનું પ્રદાન લગ્નગીત ક્ષેત્રે છે. મીનળબેનને તેમના સાસુ પાસે લગ્નગીતો, જનોઈ ગીતો, ગરબા વિ.નો ખજાનો હતો, તે વારસામાં મળ્યો. બંને પુત્રીઓના ઉછેરની સાથે સાથે શ્રીમાળી બ્રાહ્મણ શાન્તિનાં લગ્નગીતોમાં તળમાં જઈ સંશોધન કરી આ સંશોધનને 'સંસ્કાર સુધા' પુસ્તકરૂપે પ્રકાશિત કર્યું છે. હાલમાં પણ જુદા જુદા પ્રાંતોનાં લગ્નગીતો, ઉખાણાં, જોડકણાં, કહેવતો વિ.ને આપણા પ્રાંતનાં લગ્નગીતોવિ. સાથે તુલના તેમજ વિસરાતી શબ્દ સૃષ્ટિ વિ. ક્ષેત્રે આદાન પ્રદાન થઈ રહ્યું છે. તેમાં મીનળબેન પણ ઊંડો રસ લઈને કાર્યરત થયાં છે. જેને સ્તુત્ય પ્રયાસ તરીકે બિરદાવવો રહ્યો !

થોડાખૂંદ સ્પર્ધાનો વિચાર ગાંધીનગરની જાણીતી સંસ્થા જ્યોતિ મહિલા મંડળ સમક્ષ રજૂ કરીને સ્પર્ધા શરૂ કરાવી હતી. સીત્તેર વર્ષે પણ ખાકપંક અદામાં થોડો ખૂંદતાં, હીંચ લેતાં અને ગાતાં મીનળબેનને જોવા તથા સાંભળવા એ લ્હાવો છે.

૧૯૮૨-૮૩માં મીનળબેને પોતાના ઘેર સેક્ટર-૨૧માં 'વિવેક વિદ્યાસંકુલ' બાલમંદિરની સ્થાપના કરીને બાળ વિકાસનું કામ શરૂ કર્યું. સાંસ્કૃતિક ક્ષેત્રે આ બાળકોને નૃત્ય, નાટક વિ.ની તાલીમ આપીને ગાંધીનગર તેમજ અમદાવાદ ખાતે સ્ટેજ શો રજૂ કર્યાં. આકાશવાણી ખાતે પણ બાળકોએ કાર્યક્રમો રજૂ કર્યાં. આ ઉપરાંત બાળકોને પપેટ્સ દ્વારા વાર્તાકથન, એન્કરીંગ વિ. શીખવાડ્યું. જેમાંના કેટલાંક બાળકો આજે વિવિધ ક્ષેત્રોમાં સફળતમ બનીને જીવન જીવી રહ્યાં છે. ભૌમિક ઠાકર, રચના સંઘવી, સૃષ્ટિ, પર્વ શાહ, ધવલ લાલા, કેયુર વોરા વિ. આવાં સફળ નામ છે, જેમનો મીનળબેનને ખૂબ ગર્વ છે. માઉન્ટ કાર્મેલ સ્કૂલ, સરકારી શાળાઓમાં જુદી જુદી થીમ પર નૃત્યોની કોરિયોગ્રાફી કરાવતાં તેમજ શિક્ષકો માટે વર્કશોપનું પણ આયોજન કરેલ. આજે પણ રાજભવન ક્વાર્ટર્સનાં બાળકો, આસપાસનાં બાળકોની સાથે મહિનામાં એક વખત વાર્તાકથન કરે છે તેમજ નૃત્યો, નાટકો વિ. શીખવે છે.

મીનળબેને શાસ્ત્રીય સંગીતની તાલીમ લીધી હોવાથી સંગીતક્ષેત્રે પણ તેમનો ખૂબ લગાવ છે. ટીકરી જિંગીથા પણ સંગીત વિશારદ છે. ભારતના મહાન ગાયક પંડિત જસરાજજીએ એક દિવસ સૅક્ટર-૨૧ના મીનળબેનના ઘરે ગાળ્યો હતો અને જિંગીથાએ તાનપુરા પર અનેકવાર પંડિતને સંગત કરી છે, જેને મીનળબેન ગૌરવભેર યાદ કરે છે.

ગરબા, નૃત્ય, ગીત-સંગીત ક્ષેત્રે યોજાતી અનેક સ્પર્ધાઓમાં મીનળબેન નિર્ણાયક તરીકે સેવાઓ આપી આ ક્ષેત્રનું ઋણ ચૂકવવાનો પ્રયત્ન કરે છે. ગાંધીનગરની જાણીતી સંસ્થા 'અવસર' દ્વારા મીનળબેનનું સાંસ્કૃતિક ક્ષેત્રે સન્માન કરવામાં આવ્યું હતું. મીનળબેન લગ્નગીતો અને ગરબા તેના મૂળ ઢાળમાં સચવાય એ દિશામાં કાર્ય કરવાની ઈચ્છા ધરાવે છે. મોટી સંખ્યામાં ગરબા અને લગ્નગીતો તેમને કંઠસ્થ છે, એટલું જ નહીં, હલકભેર અને મીઠાશથી ગાઈ પણ શકે છે.

પૂ. શ્રી સત્ય સાંઈબાબાના પરમ ભક્ત એવા ડૉ. પ્રવિણભાઈ ઓઝા અને દીકરીઓ જિંગીથા અને આનંદી સાથેના ઉષ્માભરેલા સહવાસમાં મીનળબેન સંસારનાં મધુર ગરબો ઘૂમે છે. ગરબા અને લગ્નગીતોના એન્ચાઈક્લોપિડીયા એવા મીનળબેનને ગરબે ઘૂમ્યા જ કરે એવી અનેક, અઢળક શુભેચ્છાઓ !

કટોરા ઝેરના હોય કે એ અમૃતના, ગજાની બ્હાર મળે તો પચાવવા અઘરાં

મનભાવક ગઝલોનો રસાસ્વાદ : કવિ શ્રી હર્ષ બ્રહ્મભટ્ટનો ગઝલ સંગ્રહ - ખુદનેય ક્યાં મળ્યો છું ?

કવિ મિત્ર શ્રી હર્ષ બ્રહ્મભટ્ટનો મનભાવક ગઝલ સંગ્રહ ખુદનેય પણ ક્યાં મળ્યો છું ? એ સાવે જ હૃદયના તાર ઝણઝણાવી જાય એવો યશસ્વી ગઝલ સંગ્રહ છે, એમાંની એક એક ગઝલ વાંચવા જેવી જ નહીં, પણ મન મૂકીને માણવા જેવી છે. શબ્દો પાસે સરસ રીતે કામ લેવાની આવડત આ કવિ-શાયર મિત્રમાં છે.

અનેક નવા જૂના ગઝલકારોની રચનાઓ વાંચવાનું મને સૌભાગ્ય સાંપડ્યું છે. મિત્ર ચીનુની ગઝલ મને ગમે છે, કારણ કે તેમાં મને ગમતું થણું બધું જોવા મળે છે. શબ્દો સાથે છેડછાડ કરવામાં ચીનુ જેવો નાકાબતવાળો ગઝલકાર શોધવા માટે પ્રયત્નો કરવા પડે. પરંતુ આ કવિમિત્ર શ્રી હર્ષ બ્રહ્મભટ્ટની ગઝલની તો મર્હેક જ જુદી છે. આ શાયરમાં સંવેદનાની સચ્ચાઈ અને અભિવ્યક્તિની તાકાતને તો સલામ કરવી પડે. ચાલો, એમની શક્તિનાં દર્શન કરીએ.

'પ્રાણરૂપે છે સમજી પોને, જિંદગી સીતા સતી જાણી લે'
બીજી પંક્તિ જોઈએ -
વણાંય આંસૂઓ ઓ હર્ષ કાળજે એવાં નથી સૂકાતાં,
પાંપણેય લાવવાં અઘરાં'

આ મનોવેદનાનાં દર્શન કવિ પોતે તો કરે છે, પરંતુ વાચકોનેય કરાવે છે.

આપણે ત્યાં શિક્ષણમાં છાશવારે પરિવર્તન આવે છે. પરિસ્થિતિ ત્યાં સુધી વકરે છે કે પુત્ર પિતાને કહી દે કે તમને આમાં સમજણ ના પડે. આ વાસ્તવિકતાને આ કવિ કેવી સહજ રીતે વ્યક્ત કરે છે !

'એમ ભણતરની રીતો જૂદી થઈ ગઈ,
બાપ ઘરડો થયો તો અભણ થઈ ગયો.'

આપણા આ કવિની ખાસ વિશેષતા એ છે કે ગુજરાતી ગઝલની જેમ ઊર્દૂ ગઝલમાં પણ એમને એટલી જ ફાવટ છે. અને એની પ્રતીતિ કરાવે છે એમનો ઊર્દૂ ગઝલ સંગ્રહ 'મેરા અપના આસમાં.'

આ કવિની આ ગઝલોમાં કેટકેટલા ઊંડાણ સાથેના સંદર્ભો ભર્યા છે અને એ ત્યારે જ બને જ્યારે સર્જકનું વાંચન વિશાળ હોય. તો જ એ સંદર્ભોનો સરળતાથી ઉપયોગ કરી શકે. કવિવર રવિન્દ્રનાથ ટાગોરની એક વાર્તા ખૂબ જાણીતી છે કે 'એક માછીમાર કોઈ ગુરુ કરે છે. ધર્મ તરફ વળે છે. પણ એની કમનસીબીમાં કોઈ ફરક પડતો નથી. આ કારણે એને ગુરુ પ્રત્યે અણગમો થાય છે. એક દિવસે આ માછીમાર ખારવો સવારે દરિયે જવા નીકળે છે, પેલા ગુરુ માર્ગમાં મળે છે. તેની પાસે સવારમાં ખાવાનું માગે છે. ગુરુ પ્રત્યે પોતાની કમનસીબીના કારણે અણગમો તો છે જ, છતાં એને થાય છે કે ભિચારા ગુરુ અન્યારમાં ક્યાંથી ખાવાનું લાવશે અને માછીમાર પોતાનું ટિફિન આપી દે છે. ગુરુ બદલામાં એને મુઠ્ઠી ભરીને ફ્રીમતી પથ્થર આપે છે. હજૂ સૂર્યોદય થયો નથી એટલે માછીમાર સૂર્ય ઉગવાની રાહ જૂએ છે.' સમય પસાર કરવા એ પોતાની દેહીમાં રાખેલા એ પથ્થર એક પછી એક દૂર દરિયામાં ઘા કરીને ફેંકી દે છે. છેલ્લો પથ્થર રહ્યો હોય છે ત્યારે અજવાળું થાય છે. તેની નજર એ

પુસ્તકાવલોકન
- યશવંત કડીકર

પથ્થર પર પડે છે. એ ફ્રીમતી હીરા હોય છે. અજ્ઞાનના અંધારામાં આવેશમાં આવી ફેંકાઈ ગયેલા એ ફ્રીમતી પથ્થરોના કારણે અફસોસ કરે છે. કવિમિત્ર હર્ષભાઈ આ વાત શેર દ્વારા સચોટ રીતે રજૂ કરે છે -

રાતભર ફેંકતો રહ્યો જેને
એ હતાં મોતી સવારે જાણ્યું

ખુદનેય ક્યાં મળ્યો છું ? આ હર્ષભાઈનો પાંચમો ગુજરાતી ગઝલ સંગ્રહ છે, એટલે મને તો આ ગઝલ સંગ્રહને 'નમણાં નિકુળ' નામ આપવાનું મન થાય છે. નિકુળ પણ પાંચ પાંડવોમાં પાંચમા હતા. આવો આ નજાકતભર્યો ગઝલ સંગ્રહ છે.

એક જ વર્ષના ગાળામાં આ કવિ પાંચ-પાંચ ગઝલ સંગ્રહો આપે, એ ગઝલના ઈતિહાસમાં એક નોંધપાત્ર ઘટના લેખાય. સાથે સાથે એમ પણ કહી શકાય કે આ કવિના જીવનમાં ગઝલનું ધસમસતું પૂર આવ્યું છે. એમની આ ગઝલોના કેટલાક શેર માણીએ -

મન હવે છવે મરે સરખું જ છે,
લાશ ડૂબે કે તરે સરખું જ છે

★★★★★

ઘરથી ભાગી છૂટવામાં ના કશું મળતું છતાં
હિલ સ્ટેશન પરની એ 'વૅલર'માં સુખ શોધ્યા કરે

★★★★★

ક્યાં કશાની ખોટ ચાલે છે હવે
રેત વચ્ચે લાલ ચાલે છે હવે

★★★★★

કટોરા ઝેરના હોય કે એ અમૃતના
ગજાની બ્હાર મળે તો પચાવવા અઘરાં

★★★★★

છે બધા મોહતાજ પૈસાના
કોઈ અસલી કે કીર બદલી તો જો

★★★★★

એક માણસ રડ્યો તો વધુ જડ થયો
એક પર્વત રડીને ઝરણ થઈ ગયો

★★★★★

છેલ્લો કવિને ગમતે એક સરસ શેર છે -
સૂર્ય ઉગે ને બધુંયે સ્પષ્ટ ઝળહળ થૈ જતું,
ઊગતી જ્યારે ગઝલ, અજવાળું અંદર થાય છે

કવિ શ્રી હર્ષ બ્રહ્મભટ્ટના આ ગઝલ સંગ્રહ ને અંતરના ઉમળકાથી આવકારીએ, બિરદાવીએ અને ગુજરાતી સાહિત્યને આવી સરસ ગઝલો દ્વારા સમૃદ્ધ કરે એવી અપેક્ષા સાથી વિરમીએ.